# ચૈતન્યશિલ્પીની ગરિમા

૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૬૩. પૂ. મુક્તાબેન પરસાણિયા (બેનીબેન)

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. રળીબેન |
| પિતાનું નામ | : | પૂ. નરસિંહભાઇ |
| ભાઇ | : | પૂ. મોહનભાઇ, પૂ. મધુભાઇ |
| બહેન | | - |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ કડવા પટેલ |
| અભ્યાસ | : | ધોરણ ૮ |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૦-૦૮-૧૯૬૮ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૯ |
| કેન્દ્ર નંબર | : | ૫૪ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ખપ હોય તો ખમવાપણું ના લાગે.**

પૂ. બેનીબેનનો જન્મ પ્રત્યક્ષની નિષ્ઠાવાળા કુટુંબમાં થયો હતો. ઘરમાં એકના એક દીકરી હતા ને સૌથી નાના હતા તેથી સૌના ખૂબ લાડકા હતા. તેથી સ્કૂલેથી આવે એટલે નાસ્તો કરી ૬ : ૩૦ થી ૭ વાગ્યા સુધીમાં સુઇ જાય ને સવારે ૭ વાગ્યે ઉઠવાનું એટલે અંધારું તો તેમણે જોયું જ નહતું. આથી અંધારું એટલે શું તે તેમને ખબર જ ન હતી. સવિબેન જી. પટેલ તેમના મામાની દીકરી થાય આથી તેઓ બેનીબેનને સ્કૂલે જવા તૈયાર કરવા આવે.

૧૯૬૩ની સાલમાં જોગીબાપાની જયંતિ ઉજવવા પૂ. દીદી માણાવદર આવ્યાં હતાં. તેમનો ઉતારો બેનીબેનના ઘરે જ હતો પણ પાણી

ન આવે એટલે પાછળના કૂવેથી બેનીબેન આખો દિવસ પાણી ભરે. દીદી કહે, 'આ છોકરી કોણ છે?' કોઈકે કહ્યું, 'તમે જેના ઘરે ઉતર્યા છો એ નરસિંહફુવાની દીકરી છે.' ત્યારે દીદીની દ્રષ્ટિ પડી ગઈ. દીદીને થયું કે આ ઘરમાં છે તોય આ છોકરીનો અવાજ સંભળાતો નથી. દીદી તારદેવ આવ્યા ને કાગળ લખ્યો કે, 'બેની તું અમારા બીજા ૫૧ની ટોળીની મેમ્બર છું.'

બેનીબેનને અંતરમાં સવિબેનનું વર્તન સ્પર્શી ગયું હતું અને તેમને એવું થાય કે જ્યાં સવિબેન ગયા છે ત્યાં મારે જવું છે. ને તેઓ વિદ્યાનગર આવ્યા ત્યારે અહીં બહેનોને જોઇ તેમને ખૂબ આનંદ થયો ને ગમ્યું કે કેવા સરસ બહેનો છે મારે પણ ભગવાન ભજવા છે તેવું તેમણે મનથી નક્કી કર્યું હતું.

૧૯૬૮ની સાલમાં પ.પૂ. પપ્પાજી, દીદી માણાવદર પધાર્યા હતા ત્યારે કાંતીબેન, ભાનુબેન જસાણી, કાંતાબેન જસાણીએ ભગવાન ભજવાનું નક્કી કર્યું હતું એટલે રળીફોઈએ કહ્યું કે, 'આ બહેનોને ભગવાન ભજવા લઈ જાવ.' ત્યારે તો બેનીબેનનું તો કાંઇ નક્કી જ ન હતું. પપ્પાજી કહે, 'બેનીને પણ ભગવાન ભજવા લઈ જઈએ.' ત્યારે રળીફોઈએ કહ્યું કે, 'બેની હજી નાની છે તેને ન લઈ જવાય.' દીદીએ ત્યારે કહ્યું કે, 'રળીફોઈ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય. તમે પપ્પાજીના વચને બેનીને મોકલશો તો હું ચાર બેની તમને આપીશ.' માતા પિતાના લાડકા તેથી તેઓની ઈચ્છા ન હતી પરંતુ બેનીબેનની ઈચ્છા અને સત્સંગનો જોગ આથી માતા પિતાએ રાજી ખુશીથી હા પાડી.

૧૯૬૮ની સાલમાં દીદી, જ્યોતિબેન અને સવિબેન બેનીબેન અને કાંતીબેનને લેવા માણાવદર ગયાં હતાં. ત્યારે બેનીબેન ઘરમાં ન હતાં પણ જૂનાગઢ તૈયાર થઈને ફોટા પડાવવા ગયાં હતાં સમાચાર મળતાં ઘરે આવ્યાં. બેનીબેન કુટુંબમાં સૌથી મોટી દીકરી હતાં. તેથી સરદારગઢ તેમના કુટુંબમાં તેમના કાકાને ત્યાં જમવા જવાનું હતું. દીદી

પણ સાથે હતાં. દીદીએ બેનીબેનને કહ્યું, 'તું ફોટા પડાવવા જેવી તૈયાર થઇ હતી તેવી તૈયાર થઈશ તો જ હું લઇ જઈશ.' બેનીબેને ના પાડી, તેમને રડવું પણ આવ્યું ને અંતે તૈયાર થઈને ગયા. બસમાં દીદીએ પૂછ્યું, 'તને કેમ રડવું આવ્યું?' બેનીબેન કહે, 'મારે તૈયાર નોતું થવું ને તમારે મને તૈયાર કરવી હતી એટલે.' દીદી કહે, 'તેં ઠરાવ રાખ્યો તો રડવું આવ્યું ને ? આમ સાધનામાં ઠરાવ રાખીશ તો રડવું પડશે.' આમ ઘરેથી જ સાધનાની સૂઝ આપી દીધી. ધામ ધૂમથી તેઓનો વિદાય સમારંભ થયો.

જ્યોતમાં આવ્યા પછી ૧૯૬૮માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં અનેરૂં સ્થાન લીધું ને સુખી કરી દીધા. ૧૯૬૯માં કાષાંબરી દીક્ષા મળી. એક વખત પપ્પાજી બેનીબેનની રૂમમાં પધાર્યા ને બેનીબેનને કહે, 'કાગળ પેન આપ.' બેનીબેને નોટનો કાગળ આપ્યો તો પપ્પાજીએ લખી આપ્યું કે, 'આપણે ભજવા આવ્યા છીએ તો આપણો સ્વધર્મ ભજન. ખાસ ખાસ ખાસ તારું મન માને કે ન માને.' અને બેનીબેને જાગ્રત બની સ્વભજનની ટેવ પાડી દીધી.

એક વખત હઠ, માન ઈર્ષાને લીધે કંઈક અમહિમાના વિચાર આવતાં હતાં. ટુકડીની સેવા પૂરી થયા પછી બેનીબેનને થયું કે, રૂમમાં નથી જવું પણ મંદિરમાં જઈને ધૂન કરવી છે. થોડીવાર ધૂન કરી ત્યાં તો મંદિરનું બારણું કોઈકે ખખડાવ્યું. બારણું ખોલ્યું તો દીદી !! આશ્ચર્યથી પૂછ્યું, 'દીદી તમે?' દીદી કહે, 'તારી મૂંઝવણ ટાળવા આવી છું. આપણે ભજવા આવ્યા છીએ તો પહેલો સ્વધર્મ ભજન છે.' એમ કહી બેનીબેનનો હાથ પકડી રૂમમાં લઇ ગયા ને હળવા કરી દીધા. ત્યાર પછી કોઇ દિવસ બેનીબેનને સાધના દરમ્યાન મૂંઝવણ જેવું લાગ્યું નથી.

બેનીબેને મંદિર, રસોડું, સફાઇ, પત્રલેખનની સેવા કરી છે. રસોડામાં કાંઈક ન આવડે કે ભૂલ થઇ હોય તો પપ્પાજીને યાદ કરે, ભજન કરે ને

પપ્પાજી આવીને ઉભા જ રહે ને જવાબ આપી જાય. એવા અનેક અનુભવ બેનીબેને કર્યા. ઘરે કદી પણ રાત – અંધારું જોયું ન હતું તેવા બેનીબેને જ્યોતમાં ૧૮ – ૧૮ કલાક સેવા કરી છે. ને સ્વરૂપો અને મુક્તોનો ખૂબ રાજીપો લીધો છે. પપ્પાજી તેમની પાસે સભામાં ભજન ગવડાવે, તેમના કંઠને લીધે 'દિવાળીબેન ભીલ'નું બિરૂદ આપ્યું છે. તેમનો કંઠ સરસ તેઓ મહાપૂજા પણ સરસ કરે.

ખૂબ રાંક પ્રકૃતિ, નિખાલસતા, નિષ્કપટપણું રાખીને બાજી જીતી ગયાં. અત્યારે દીદીના મહેમાનોની સેવા સરભરા કરી પપ્પાજી અને દીદીનો મહિમા ગાઈ દીદીને નિશ્ચિંત કરી દીધાં છે.

એવા બેનીબેનને સહુ સાધકોના ભાવે પ્રણામ !!!



## ૬૪. પૂ. જશવંતીબેન દેસાઈ

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. શારદાબેન |
| પિતાનું નામ | : | પૂ. ચુનીભાઈ |
| ભાઈ | : | પૂ. પ્રિયવદનભાઈ, પૂ. ઠાકોરભાઈ |
| બહેન | : | પૂ. ઉર્મિલાબેન, પૂ. ઈંદિરાબેન |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ લેઉવા પટેલ |
| અભ્યાસ | : | ઓલ્ડ S.S.C. |
| ભગવાનની અનુભૂતિ | : | ૧૪-૦૧-૧૯૬૭ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૯ |
| કેન્દ્ર નંબર | : | ૫૫ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ગરજુ થઈ સેવા કરો, દિવ્યભાવ રાખી ખમો.**

પૂ.જશવંતીબેનનો જન્મ પૂ.કાશીબાના કુટુંબમાં એટલે કે સ્વામિનારાયણના સત્સંગી કુટુંબમાં થયો હતો. નાનપણથી જ સેવાના અને ભજનના સંસ્કાર મળ્યા હતા. પ.પૂ. કાકાશ્રીની ઓળખાણ કાશીબાને લીધે હતી જ. જશવંતીબેન દોઢ-બે વર્ષના હતા ત્યારે તેમને માથામાં પાણી ભરાયું હતું. દવાઓ બહુ કરી પણ મટ્યું નહીં. એટલે એમને લંડન લઈ જતાં હતાં. મુંબઈથી પ્લેનમાં જવાનું હતું એટલે મુંબઈ ગયા. જોગીબાપા કપોળવાડીમાં હતા. કાશીબા કહે, 'જોગીબાપાને વાત કરીને પગે લાગી આવીએ.' કાકાશ્રી તેઓને લઈ ગયા ને જોગીબાપાને વાત કરી. જોગીબાપા કહે, 'બેનને મારી નથી નાખવા. એ તો બહુ

મોટા કાર્ય કરશે. આપણે લંડન નથી જવું. બેનને ૫૦૦ પ્રદક્ષિણા ગોંડલની કરાવજો.' દિવાળીના અન્નકોટ વખતે બધા જ ગોંડલ ગયા. ૧૧ પ્રદક્ષિણા તો કાકાજી જશવંતીબેનને તેડીને ફર્યા. આમ ૫૦૦ પ્રદક્ષિણા પૂરી થઇ.

ભણવાનું ચાલુ થયું. એસ. એસ. સી. ની પરીક્ષા આપવા જતાં હતાં ત્યારે કાકાજી નડિયાદમાં હતા. તેમના બાપુજી કહે, 'કાકાને મળતાં જઈએ.' કાકાજીને તેઓ પગે લાગ્યા. કાકાજી કહે, 'આલોકની વિદ્યામાં તમે પાસ થવાના જ નથી. આધ્યાત્મિક કોલેજમાં તમને એડમીશન મળી ગયું છે.' જશવંતીબેન કહે, 'કાકા મને ફેઈલ કરશો તો હું બીજી વખત પરીક્ષા આપીશ.' કાકા કહે, 'તમે હજાર વખત પરીક્ષા આપશો તોય પાસ થવાના નથી. તમે વિદ્યાનગર જાવ. બાબુભાઇ તમારા પ્રિન્સીપાલ ને જ્યોતિબેન તમારા ટીચર.' આમ કાકાએ તેમને ગુરૂહરિ અને ગુરૂના સાંનિધ્યમાં મૂકી દીધાં.

૧૯૬૬માં જશવંતીબેન જ્યોતમાં આવ્યા પછી એક જ વખત કાકાજી, પપ્પાજી તેમને ઘરે મૂકવા ગયા હતા. ૧૯૬૭ના રોજ ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં સ્થાન લઈ લીધું. ૧૯૬૭ની સાલમાં અત્યારે નવી જ્યોત છે ત્યાં આંબાના ઝાડ હતા. ટુકડી પૂરી થાય પછી કેરી તોડી, ધોઇ, મરચું, મીઠું, ખાંડ, જીરૂં બધુ તૈયાર કરી પ.પૂ. સોનાબાની રાહ જુવે. એક વખત બાએ પપ્પાજીને કહ્યું ને પપ્પાજી પણ પધાર્યા. ઘણા મુક્તો હતા. બધા જ ખાઇને ગયા. પપ્પાજી બેઠા હતા. જશવંતીબેનને બેસાડીને કહ્યું કે, 'આજથી ઈલેક્ટ્રીક, પાણી, બાંધકામ ને મેઈન્ટેનન્સની જવાબદારી તારી.' જશવંતીબેન કહે, 'પપ્પાજી હજી તો નંબર પણ નથી મળ્યો.' પપ્પાજી કહે, 'હું તને કહું છું ને !' ને પછીથી જશવંતીબેન જ્યોતમાં આવી ગયા ને ૧૯૬૯માં કાષાંબરી દીક્ષા મળી. પૂ. જ્યોતિબેને તેમને પૂ. હંસાબેન ગુણાતીતનો સમાગમ કરવાનું કહ્યું.

૧૯૭૧ની સાલમાં જશવંતીબેનને ઈલેક્ટ્રીકનું ભાઇઓ પાસેથી શીખવાનું કહ્યું. ૧૯૭૮ની સાલમાં પ્રકાશપુરી જ્યોતનાં બધાં જ બહેનો કાકાશ્રીની હીરક જયંતી ઉજવવા ગયાં હતાં. જશવંતીબેનને પણ જવાનું હતું. જશવંતીબેન બસમાં ચડવા માટે ઉભા હતા. પપ્પાજી પધાર્યા ને ના પાડી કે, 'તારે નથી જવાનું.' એટલે તેઓ જ્યોતમાં આવ્યા ને ખૂબ સેવા કરી. બે-ત્રણ વર્ષ પછી

જે બહેનો ગયા ન હતા તેમને મુંબઇ લઇ ગયા ત્યારે જશવંતીબેનને પણ લઇ ગયા. ત્યાં બાએ કહ્યું કે, 'પપ્પાજી, આ જશવંતીને મારે મુંબઇ બતાવવા લઇ જવી છે. તમારી ગાડી આપો.' પપ્પાજી કહે, 'હું પણ આવીશ.' એમ બધાનું જવાનું ગોઠવાયું. જુહુ લઇ ગયા ત્યાંથી ઈસ્કોન મંદિરમાં લઇ ગયા ત્યાં ભક્તો કૃષ્ણ ભક્તિમાં લયલીન હોય ને દુનિયાની કાંઇ ખબર ના હોય. પપ્પાજી કહે કે, 'જો આ બધા કેવા ભગવાનમાં લય થઇ જાય છે તેમ તું પણ પ્રભુમાં આવી રીતે લય થઇ જા એ માટે હું તને અહીં લાવ્યો છું.'

જ્યોતમાં પાણીનો વપરાશ ખૂબ વધી ગયો એટલે જશવંતીબેનને થાય કે હવે બોર કરવો જોઇએ. તો એક દિવસ પપ્પાજીએ એમને કહ્યું કે 'બોર કરવો છે ને !' એમ કહીને અત્યારે જે બોર છે તે જગ્યાએ લઇ ગયા ને કહ્યું કે 'બોર આ જ જગ્યાએ કરજો.' બે ત્રણ વર્ષ પછી વાસ્તુશાસ્ત્રી (પ્રજાપતિ) આવ્યા ને એણે પણ બોર માટે એ જ જગ્યા બતાવી અને આજે સૌથી સારું પાણી એ જ બોરનું છે. એ જ રીતે પપ્પાજીએ સોલરના ને બધા પ્લાન કર્યા.

પ્રભુકૃપામાં ગુજરાત સમાચાર ચાલુ કર્યું ને એના પાંચમે દિવસે જશવંતીબેનને બોલાવીને કહે, 'આજથી તારે છાપું વાંચવાનું ને જ્યોતલક્ષી સમાચાર હોય તો લખીને મને આપવાના ને પછી ૧૦ નં. માં વંચાવવાના.' એ જ રીતે મશીનરીના પ્રદર્શનો જોવા જવાનું જ્યોતમાં કેવી રીતે ઉપયોગી છે તે લખીને આપવાનું ને એ રીતે જ્યોતમાં મશીનરી વસાવવી.

જશવંતીબેનને નાનપણથી હતું કે મારે કોઇ સ્ત્રીએ ન કર્યું હોય એવું કામ કરવું છે. એક વખત જૂની જ્યોતમાં વાયરીંગ કરવાનું હતું. પપ્પાજી કહે કે, 'જશવંતી ન કરે ?' ખરેખર આ કામ ભાઇઓનું છે પણ બાએ કહ્યું, 'પપ્પાજી કહે છે ને એટલે એ જ કરાવશે.' ને ડ્રીલ મશીન લઇને ચોવીસ કલાક કાણું પાડવા માટે મથ્યા પણ કાણું પડે જ નહીં. પછી પપ્પાજી આવ્યા ને કહે, 'કાણું પાડ.' ને એ જ સેકન્ડે પડી ગયું ને સ્ત્રીઓ માટે અશક્ય કામ વાયરીંગનું એમની પાસે કરાવી એમની નાનપણની ઈચ્છા પૂરી કરી.

એક વખત પ્રિયવદનભાઇના ઘરે પૂ. તારાબેન અને સરોજબેન ગેસ લાઇન - બંબાનું ઓપનીંગ કરવા જતાં હતાં. પપ્પાજીને પગે લાગવા ગયા તો

પપ્પાજી કહે, 'જ્યોતિબેન અને જશીને લઈ જાવ.' આમ જશવંતીબેન ગયા ને જોયું ત્યાર પછી જ્યોતમાં ગેસલાઈન, ઈલેક્ટ્રીક બંબા, જનરેટર આવ્યા એ જશવંતીબેનનું યોગદાન છે. બહારની સુખ સગવડ આપણને જે મળી છે તે માટે આપણે સહુ સાધક જશવંતીબેનના ઋણી છીએ. પહેલાં તો લાઈટ જાય ત્યારે જનરેટર ચાલુ કરવા જવું પડે. ક્યારેક અડધી રાત્રે પણ લાઈટ જાય તો તારાબેન તેમની સાથે જાય ને પછી તારાબેનની તબિયત સારી નહોતી રહેતી ત્યારે પૂ. દીદી તેમની સાથે ઉઠીને જતાં. હવે ઓટોમેટીક છે. તેમની ઈલેકટ્રીકની ટુકડીમાં હજુ પણ સેવા ચાલુ છે. તેઓ તો માહાત્મ્યથી સેવા કરે છે પરંતુ તેમની સાથે સેવા કરનાર બહેનોમાં પણ એવું માહાત્મ્ય ગાઈને સેવા કરાવે છે.

જશવંતીબેન મૂક સેવક છે. પપ્પાજીની દરેક આજ્ઞા પ્રમાણે પોતાનું જીવન બનાવી, સ્વધર્મેયુક્ત વર્તી જ્યોતનું, પપ્પાજીનું ગૌરવ વધારે છે.

એવા જશવંતીબેનને સહુ સાધકો વતી ભાવે પ્રણામ !!!